P G V C L

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪

CIN: U40102GJ2003SGC042908;

ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;

ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૩/ક્વા-૦૧/૨૦૨૩-૨૪/ ૨૨૦૫-૧ તારીખ : ૩૦ - ૦૬ - ૨૦૨૩

રજી. એડી. પત્ર

પ્રતિ,
શ્રી જોહરાબેન અસ્લમભાઇ પંજાબી
ખોડીયારપરા, મફતીયાપરા , સ્મશાનની સામે,
મું. પો. : રૈયા , તા. : રાજકોટ, જી. : રાજકોટ.
પીન કોડ. : ૩૬૦૦૦૩
મોબાઈલ : ૯૮૨૫૦૭૨૧૦૩

**વિષય :** નામ ટ્રાન્સફર અંગે.

**સંદર્ભે:** આપશ્રીની રજુઆત તા. ૨૦-૦૫-૨૦૨૩.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૧૩/ક્વા-૦૧/૨૦૨૩-૨૪ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય. આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ શહેર.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, રાજકોટ શહેર-૨.

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(3) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, રૈયા રોડ રાજકોટ શહેર.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

**e-mail:forum.pgvcl@gebmail.com**

પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૧૩/ક્વા-૧/૨૩-૨૪/ 2205-1 તા. 30-06-2023

૨૦03 ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરિયાદ.

નોંધણી નંબર-૧૩/ક્વા-૧/૨૩-૨૪, તા.૨૩-૦૫-૨૦૨૩

અરજદાર : શ્રી જોહરાબેન અસ્લમભાઇ પંજાબી, મુ: રૈયા ગામ

રજૂઆત કરનાર : અરજદાર વતી શ્રી અસ્લમભાઇ અતાઉલ્લાભાઈ પંજાબી

## :: વિરુધ્ધ ::

સામાવાળા : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી – રાજકોટ શહેર -૨

રજૂઆત કરનાર : શ્રી બી.એમ.પટેલ કાર્યપાલક ઇજનેર અને તેમની સાથે શ્રી જી. એમ. ગોહેલ, નાયબ અધીક્ષક (રેવ.), પી.જી.વી.સી.એલ., વિભાગીય કચેરી, રાજકોટ શહેર-૨

## :: કોરમ ::

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૧) ચેરપર્સન - શ્રી એન.સી. મકવાણા

૨) સભ્ય (ટેકનીકલ) - શ્રી આર.સી.પટેલ

૩) સભ્ય (સ્વતંત્ર) - શ્રીમતી નીતીનાબેન એચ. જોષી

સુનાવણી સ્થળ : કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી, રાજકોટ

તારીખ : તા.૨૨.૦૬.૨૦૨૩ (ગુરૂવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૨૨.૦૬.૨૦૨૩ (ગુરૂવાર) ના રોજ રાખવામાં આવેલ હતી, જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી જોહરાબેન અસલમભાઇ પંજાબી દ્વારા રૈયારોડ સબડીવીઝન હેઠળ ખોડીયારપરા, મફતીયા પરા વિસ્તારમાં વીજજોડાણ ગ્રાહક નં ૬૧૯૦૯/૦૨૭૩૮/૮ માં માલમ નસીમાબેન ઇમ્તિઆઝભાઈના નામ પરથી તેઓના નામે ઘરવપરાશના માં નામ ટ્રાન્સફર માટે તા.૧૫.૦૯.૨૦૨૨ ના રોજ જરૂરી ડોકયુમેન્ટ અને વેચાણ કરાર તેમજ ચુકતે અવેજની પહોંચ તથા રૂ.૩૦૦/- ના નોટરાઈઝ સ્ટેમ્પપેપર પર બાહેંધરી ખત આપેલ હતું. પરંતુ સદર પેટાવિભાગીય કચેરીના નાયબ અધિક્ષકશ્રીએ નામ ટ્રાન્સફરની કાર્યવાહી કરી આપેલ નથી.

૨.૧ પીજીવીસીએલની મોરબી રોડ પેટાવિભાગીય કચેરી ખાતે અરજદારના સબંધી દ્વારા ઉપર મુજબ જ ડોકયુમેન્ટ આપેલ હતા, જેમાં નામ ટ્રાન્સફર થયેલ છે, જે અરજીની નકલ ફોરમ સમક્ષ રજુ કરેલ છે. આમ, અરજદારે સદર વીજજોડાણમાં નામ ટ્રાન્સફર માટે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદારની ફરિયાદ અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા કરાયેલ લેખિત રજૂઆત મુજબ અરજદાર જોહરાબેન અસલમભાઈ પંજાબી ઘરવપરાશ વીજજોડાણ ગ્રાહક નંબર-૬૧૬૦૯/૦૨૭૩૮/૮ માં માલમં' નસીમાબેન ઇમ્તિઆઝભાઈના નામ પરથી તેઓના નામે નામ બદલીની અરજી કરેલ હતી.

3.૧ અરજદાર દ્વારા અત્રેના ફોરમ સમક્ષ નીચે મુજબના ડોક્યુમેન્ટ રજુ કરેલ છે.

- એ-૧ ફોર્મ – પંજાબી જોહરા અસ્લમભાઈ, ખોડીયાર પરા, મફતિયા પરા, સ્મશાનની સામે રૈયાગામ રાજકોટ – 003.
- સદર અરજી પત્રક સાથે વેચાણ ખત (કરાર) – રાજકોટ મહાનગર પાલિકાની હદમાં આવેલ રૈયારોડ પર આવેલ સ્મસાનની સામે ખોડીયાર પરા – મફતીયા પરા આવેલ મકાન
- સૂચિત જગ્યામાં વિદ્યુત જોડાણ અંગે બાહેંધરી ખત

3.૨ અરજદારની નામ ટ્રાન્સફરની અરજી અન્વયે સપ્લાય કોડના ક્લોઝ નં. ૪.૭૧(૧) અન્વયે રજીસ્ટર્ડ દસ્તાવેજ રજુ કરવા જણાવેલ છે, જે રજુ થયે નામ ટ્રાન્સફરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

## ::હુકમ::

૪.0 અરજદારે કરેલ લેખિત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજુ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર પંજાબી જોહરાબેન અસ્લમભાઇ દ્વારા અત્રેના ફોરમમાં તેઓના હયાત ઘરવપરાશના વીજજોડાણ ગ્રાહક નં.૬૧૬૦૯/૦૨૭૩૮/૮ માં નામ ટ્રાન્સફરની અરજી તા.૧૫.૦૯.૨૦૨૨ ના રોજ આપવા ગયેલ પરંતુ સદર જગ્યા મફતીયાપરા વિસ્તારમાં આવતો હોવાથી નામ ટ્રાન્સફરની અરજી પીજીવીસીએલ દ્વારા સ્વીકારેલ નથી. જેથી અરજદાર દ્વારા અત્રેના ફોરમમાં તા.૨૦.૦૫.૨૦૨૩ થી ફરિયાદ નોધાવેલ છે જેની નોંધણી ફોરમ દ્વારા તા.૨૩.૦૫.૨૦૨૩ના રોજ કરવામાં આવેલ છે.

૪.૨ અરજદારની ઉપરોક્ત ફરિયાદ અન્વયે પીજીવીસીએલ દ્વારા કરેલ લેખીત રજૂઆત મુજબ સદર અરજદાર ગ્રાહક નં.૬૧૬૦૯/૦૨૭૩૮/૮ થી ઘરવપરાશનું વીજજોડાણ ધરાવે છે. જેમાં ટ્રાન્સફરની અરજી રૈયા રોડ પેટાવીભાગીય કચેરી ખાતે અરજદાર દ્વારા રજુ કરતા સપ્લાય કોડ કલોઝ નં.૪.૧૭ (૧) મુજબના આધાર પુરાવા રજુ કરવા અરજદારને જણાવેલ છે. જે આધાર પુરાવા અરજદાર દ્વારા પૂર્તતા કરેલ ન હોવાથી નામ ટ્રાન્સફરની કાર્યવાહી કરવામાં આવેલ નથી.

૪.3 નામદાર જીઈઆરસીના સપ્લાયકોડ નોટીફીકેશન નં.૦૪/૨૦૧૫ ના મુદ્દા નં "૪.૭૧ : નીચે વિગતે દર્શાવેલી કાર્યપધ્ધતિ અનુસાર, પરવાનેદાર મિલ્કતની માલિકી/કબ્જા હકમાં ફેરફારને કારણે ગ્રાહકના નામમાં ફેરફારને લગતી અરજીઓ અંગે પગલા ભરશે.

૧) અરજદાર આ સંહિતાના જોડાણ-૧ કે ૨ (લાગુ પડે તે પ્રમાણે) માં ઠરાવેલ ફોર્મેટની સાથે છેલ્લું યોગ્ય ચુકવણી થયેલ બિલની નકલ સાથે ગ્રાહકના નામમાં ફેરફાર માટે અરજી કરશે, જ્યાં સુધી સંબંધિત જોડાણ સામેના વસુલપાત્ર તમામ લેણાની પતાવટ કરાય નહીં ત્યાં સુધી જોડાણ તબદીલ કરવાની દરખાસ્ત સ્વીકારશે નહી. જગ્યાની માલિકી/કબ્જાનું પ્રમાણ દર્શાવ્યેથી અરજીપત્રકનો સ્વીકાર કરાશે. અરજદારને નામે જામીન અનામતની તબદીલી સામેલ હોય તેવા કેસો માટે નોંધાયેલ ગ્રાહક કે જગ્યાના અધિકૃત વ્યક્તિ પાસેથી ના-વાંધા પ્રમાણપત્ર' જરૂરી બનશે. અરજદારના નામે જામીન અનામત તબદીલ કરવાના કેસમાં ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (જામીન અનામત) વિનિયમો,૨૦૦૫ અને તેના સુધારા અનુસાર ગણેલ જામીન અનામતની ઘટ અરજદારે ચૂકવવાની રહેશે. પરવાનેદાર આ સંહિતાના ખંડો ૪.૬૪ - ૪.૬૬ અનુસાર અરજી પત્રકની પ્રક્રિયા કરશે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૨) નોંધાયેલ ગ્રાહક કે અધિકૃત વ્યક્તિ પાસેથી ના-વાંધા પ્રમાણપત્ર' રજુ ન કરાય તો ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (જામીન અનામત) વિનિયમો, ૨૦૦૫ અને તેના વખતોવખતનાં સુધારામાં નિયત કર્યા મુજબ જો જામીન અનામતની રકમ નવેસરથી ચૂકવાય તો જ નામની ફેરબદલી માટેનું અરજી પત્રક સ્વીકારાશે. આમ છતાં સંબંધિત વ્યક્તિ દ્વારા હકદાવો કરાય ત્યારે હકદાવો કરનારને મૂળ જામીન અનામતની રકમ પરત કરાશે.

૩) ગ્રાહકના નામનો ફેરફાર, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના (વિતરણ પરવાનેદારની કામગીરીનું ધોરણ) વિનિયમો, ૨૦૦૫ અને તેમાં વખતોવખત સુધારામાં ઠરાવેલ સમય-માળખા મુજબ અમલી બનશે.

૪.૪ ઉપરોક્ત મુદ્દા નં.૪.૩ મુજબ અરજદાર દ્વારા રજુ કરેલ જગ્યાની માલિકીના આધાર-પુરાવા નામદાર જીઈઆરસીના સપ્લાયકોડ નોટીફીકેશન નં.૦૪/૨૦૧૫ ના મુદ્દા નં ૪.૭૧ મુજબ ન હોવાથી પીજીવીસીએલ પક્ષકાર દ્વારા અરજદારના નામ ટ્રાન્સફરની અરજી અન્વયે કાર્યવાહી કરેલ નથી.

નામદાર જીઈઆરસીના સપ્લાય કોડ નોટીફીકેશન નં.૦૪/૨૦૧૫ ના મુદ્દા નં. ૪.૬૦ અન્વયે જો અરજદારે માલિકી/કબજામાં ફેરફારને કારણે નોધણી કરાયેલ ગ્રાહકના નામમાં ફેરફાર અંગેની અરજી જોડાણ ૧ અને ૨ (લાગુ પડે તે પ્રમાણે) અરજીપત્રકમાં અરજદારના ઓળખની સાબિતી માટે અને જગ્યાની માલિકી કે કબ્જા હકક માટેના લાગુ પડતા દસ્તાવેજ પુરાવા સાબિતી તરીકે રજુ કરવાના રહેશે.

૪.૫ અરજદાર દ્વારા કરાયેલ રજુઆત મુજબ પીજીવીસીએલની અન્ય કચેરીમાં મફતીયાપરા વિસ્તારમાં આવેલ વીજજોડાણ નામ ટ્રાન્સફર કરી આપેલ છે જેનો અભ્યાસ કરતા જોડેલ જગ્યાની માલિકીના જોડેલ આધાર પુરાવા મુજબ જે તે જગ્યા ગામતળ વિસ્તાર આંણદપર ગ્રામપંચાયત હેઠળ આવેલ હોવાથી મિલકત વેરા પહોંચ જોડેલ છે જેથી સંલગ્ન પીજીવીસીએલની કચેરી દ્વારા વીજજોડાણની નામ બદલીની અરજી અન્વયે કાર્યવાહી કરેલ છે તેમ ફલિત થાય છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

સદર કેસમાં અરજદાર દ્વારા રજુ કરેલ વીજજોડાણ ગ્રાહક નં. ૬૧૬૦૯/૦૨૭૩૮/૮ માં નામટ્રાન્સફર ના આધાર પુરાવા મુજબ અરજદારની સદર જગ્યા મફતીયાપરા વિસ્તારમાં આવેલ હોવાથી રજુ કરેલ નોટરાઈઝ રૂ.૩૦૦/- ના નોન જ્યુડીશીયલ સ્ટેમ્પ પેપર પરનો વેચાણ કરાર માન્ય રાખી શકાય નહી. અરજદાર દ્વારા જો રજુ કરેલ એ-૧ ફોર્મના ક્રમાંક ૧૧ મુજબ સામેલ કરવાના દસ્તાવેજની યાદી મુજબ અરજદારે સદર વીજજોડાણમાં નામબદલી માટે તે જગ્યાના કબ્જા / ભોગવટા બાબતેના આધારભૂત પુરાવા જેવાકે વેરાબિલ, પીજીવીસીએલમાં રજુ કરવા જરૂરી છે, સદર પ્રકારના દસ્તાવેજી આધાર-પુરાવા મળ્યા બાદ પીજીવીસીએલ દ્વારા નામબદલીની નિયમાધીન કાર્યવાહી કરવી.

| | | |
|---|---|---|
| Joshi Nitin H. | | |
| (એન.એચ.જોષી) | (આર.સી.પટેલ) | (એન.સી.મકવાણા) |
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેકનીકલ) | ચેરપર્સન |

નોંધ: અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિવસ-૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ રજૂઆત કરવા માટે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે અને કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. "જીલ્લા સેવા સદન- 3", ત્રીજો માળ - બ્લોક નં -૧, ગવર્મેન્ટ પ્રેસ રોડ, રાજકોટ - ૩૬૦૦૦૧, ફોન નં - ૦૨૮૧-૨૯૯૪૧૨૫"